ગાંધીધામ મહાનગરપાલિકા

પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧

તા.૨૦/૦૩/૨૦૨૬

"અખબારી યાદી"

## ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આદિપુર ૨/બી વિસ્તારમાં ડેઇલી પાણી વિતરણ વ્યવસ્થા શરૂ

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આદિપુર ૨/બી વિસ્તારમાં ડેઇલી પાણી વિતરણ વ્યવસ્થા માટે ટ્રાયલ રન તા. ૦૯/૦૩/૨૦૨૬ થી ૧૫/૦૩/૨૦૨૬ સુધી કરવામાં આવેલ. જે ટ્રાયલ મહદઅંશે સફળ રહેલ છે. જેથી તા. ૧૬/૦૩/૨૦૨૬ આદિપુરના ૨/બી વિસ્તારમાં ડેઈલી પાણી વિતરણ શરૂ કરેલ છે. આથી તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે કે નિયમિત પાણી વિતરણ સમયે પૂરતા દબાણ થી પાણી મળી શકે તે માટે પોતાના ઘરની મોટર/બુસ્ટર પમ્પ ચાલુ રાખવા નહિ અન્યથા દંડનીય કાર્યવાહી/પાણી જોડાણ કપાત કરવાની કાર્યવાહી કરવામાં આવશે. જેની આ વિસ્તારના નગરજનોએ ખાસ નોંધ લેવી.

વધુમાં જે લોકોના પાણીના જોડાણો ગેરકાયદેસર મેળવેલ હોય તેવા જોડાણોને નિયત દંડ ભરી કાયદેસર કરી લેવા સુચના આપવામાં આવે છે અને નિયમિત પાણી વિતરણમાં સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક અધિકારી

C:\Users\om\Desktop\પાણી પુરવઠા વિભાગ\PRESSNOTE.docx